**PHONES:**
Patan : 230068, 220228
Mobile : 9428518890, 9624630066
: 962460068, 9624630099
E-mail : dptco123@gmail.com
Website : www.dpthakker.com

# D.P.THAKKER & CO.

TAX ADVOCATES
"SHREEKUNJ", STATION ROAD,
PATAN (N.G.) 384265

---

તા-૧૮/૦૧/૨૦૨૩

ભાઈશ્રી,

GST કાયદાની જોગવાઈ મુજબ રજિસ્ટર્ડ વેપારી GST ભરીને ધંધા માટે જે ખરીદી કરે કે કોઈ સર્વિસ મેળવે તો તેના બીલમાં જે GST લાગેલ હોય તેની ક્રેડિટ (ITC) તેને મળે છે.

પરંતુ આ ITC મેળવવા માટે એક મુખ્ય નિયમ એવો છે કે આવી ખરીદી કે સર્વિસનુ પેમેન્ટ માલ વેચનાર કે સર્વિસ આપનાર ને છ મહિનામાં કરી દેવું ફરજીયાત છે.

જો છ મહિનામાં આવું પેમેન્ટ કરવામાં ન આવે તો જે ટેક્ષ ક્રેડિટ (ITC) મજરે લીધેલ હોય તે છ મહિના પછીના પત્રકમાં રીવર્સ કરવી પડે એટેલે કે તે પત્રકમાં જે ITC માંગવાની હોય તેમાંથી આવી ITC ઓછી કરવી પડે. અને જો તે પત્રક માં કોઈ ITC માંગવાની ન હોય તો ચલણથી આવી ITCની રકમ ભરવી પડે. જો કોઈએ છ માસમાં પાર્ટ પેમેન્ટ કરેલ હોય તો જેટલું પેમેન્ટ ન કરેલ હોય તેની પ્રપોર્શનેટ ITC ઘટાડવી પડે.

છ મહિના પછી આવી ખરીદીનું કે સર્વિસનું જયારે પેમેન્ટ કરવામાં આવે ત્યારે તે મહિનાના GST રીટર્નમાં આવી ખરીદી/ સર્વિસના GSTની ક્રેડિટ મળી શકશે.

એટલે જે વેપારી ભાઈઓએ કોઈપણ ખરીદી કરેલ હોય કે સર્વિસ મેળવી હોય તેનું પેમેન્ટ છ મહિનામાં કરેલ ન હોય તો જે મહિના માં આવા છ માસનો પીરિયડ પૂરો થતો હોય તે મહિનાના GST રીટર્ન ભરવાની વિગતો આપો ત્યારે આવી છ મહિનામાં પેમેન્ટ ન કરેલ ખરીદી/સર્વિસની બીલની વિગતો અમને આપવી જેથી તેની ITC તે મહિનાના રીટર્નમાં ઘટાડી શકાય.

તેવીજ રીતે અગાઉ આવી ITC ઓછી કરી હોય તેવી પાર્ટીને છ માસ પછી પેમેન્ટ આપેલ હોય તેની વિગત પણ આપવી જેથી તેની ITC ફરીથી કલેઈમ કરી શકાય.

કુશળ હશો.

લી.

કનુભાઈ –પિયુષભાઈ- નિખીલભાઈ